જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૩૧૮ લીટર દેશી દારૂ, ૩૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૦૧ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૯ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૧૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૬૯/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ મુનીશ ઝાકીરભાઈ શેખ (ઉ.વ.૪૦) (રહે. મોટી રંગીલા પોળ શાહપુર) એ તા.૨૨/૦૮/૨૦૨૬ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાપુર થલતેજ પેલેડીયમ મોલની નજીક સૌભાગ્ય એપાર્ટમેન્ટની બાજુમાં પોપ્યુલર વ્હીલર્સ પ્રા.લિ શો–રૂમ ખાતે ટીમ લીડર તરીકે નોકરી કરતા જીગ્નેશ મહેશકુમાર વોરા (રહે. આર્યન આવિષ્કાર સ્કાય સીટી જૈન દેરાસર સામે બોપલ) એ તા.૧૧/૦૫/૨૦૨૬ થી તા.૨૫/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોપ્યુલર વ્હીલર્સ પ્રા.લિ શો–રૂમ ખાતે કસ્ટમરોને વિશ્વાસમાં લઈ વાહનના ડાઉન પેમેન્ટ પેટે રોકડ રૂપિયા ૩,૫૬,૮૨૦/– મેળવી લઈ કંપનીમાં જમા નહીં કરાવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.રબારી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૭૦/૨૦૨૬**

કૃષ્ણનગરઃ હર્ષ જીતેન્દ્રભાઈ પંડ્યા (ઉ.વ.૨૫) (રહે. તક્ષશીલા કોલોનીયસ રમણનગર ચાર રસ્તા મણીનગર) એ તા.૨૨/૦૮/૨૦૨૬ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઠક્કરનગર મહાપ્રભુ ચેમ્બર્સ બીલ્ડીંગમાં મહાલક્ષ્મી ટી.વી.એસ શોરૂમમાં શો–રૂમ ખાતે નોકરી કરતા મીતેશ સોમાભાઇ રાવલ (રહે. આકાશગંગા ફ્લેટ ઇન્ડીયા કોલોની બાપુનગર) એ માહે એપ્રીલ/૨૦૨૬ થી જુલાઇ/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મહાલક્ષ્મી ટી.વી.એસ.શો–રૂમ ખાતે ગ્રાહકોના ખાતામાંથી વાહન પેટે આપેલ રકમ પોતાના પર્સનલ એકાઉન્ટમાં મેળવી લઈ અસલ રિસીપ્ટ ઉપરથી ડુપ્લીકેટ રિસીપ્ટો બનાવી તેનો ઉપયોગ કરી કુલ રૂપિયા ૪૯,૫૭,૮૦૦/– ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

અપમૃત્યું– **સમાચાર ચાદી નં.૧૧૭૧/૨૦૨૬**

નારણપુરાઃ નારણપુરા શાસ્ત્રીનગર શ્રીવિષ્ણુધારા રેસીડન્સી કન્સ્ટ્રકશનની સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા ડાયમંડ સ/ઓ પ્રભુ રવિદાસ (ઉ.વ.૩૨) (મુળ વતન. ગામ–જીયાગાચીયી જગડીશપુર તા.જી– કરણદીઘી, ઉત્તર દિનાજપુર પશ્ચિમ બંગાળ) તા.૨૧/૦૮/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યાના સુમારે શ્રીવિષ્ણુધારા રેસીડન્સી કન્સ્ટ્રકશનની સાઈટના એ–બ્લોક ભોયરાના પહેલા માળ પર મજુરી કામ કરતા હતા દરમ્યાન પગ લપસી જતા ભોયરાના સ્લેબ પર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી એ.યુ.તરાલ ચલાવે છે.

નારોલઃ નારોલ પીપળજ–પીરાણા રોડ કાસમ ભાઇના કુવા પાસે હિન્દુસ્તાન ફોલ્ડિંગ કંપનીની ઓરડીમાં રહેતા પ્રકાશભાઇ સ/ઓ ડાલુ ઉર્ફે દાલસિંહ મિણા (ઉ.વ.૩૧) (મુળ વતન. રાજસ્થાન) નાઓ તા.૧૬/૦૮/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે હિન્દુસ્તાન ફોલ્ડિંગ કંપનીના બીજા માળે ઘાબા ઉપર સાફ–સફાઈ કરતા હતા ત્યારે ઘાબા ઉપરથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં દરમ્યાન સારવાર દરમ્યાન તા.૨૨/૦૮/૨૦૨૬ કલાક ૦૨/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૭૨/૨૦૨૬**

વાડજઃ યશ અશોકભાઈ મકવાણા (ઉ.વ.૨૦) (રહે. સેક્ટર–૩ રામાપીરનો ટેકરો નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૬ સવારના ૦૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

ચાંદખેડાઃ રોહીત સ/ઓ પ્રહલાદભાઇ પટણી (ઉ.વ.૧૯) (રહે. કન્યાદાનનગરના છાપરાં સત્યમેવ હોસ્પિટલની પાછળ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમાલભાઇ સુકાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી